**જખૌ પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૫૦૧૭૨૬૦૦૦૭/૨૬**

**ફોજદારી પરચુરણ અરજી નંબર ૬૧/૨૦૨૬**

**જખૌ પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૫૦૧૭૨૬૦૦૦૭/૨૬ ના કામે આરોપીની જામીન અરજી લગત હુકમ :**

૧. જામીન અરજી વંચાણે લીધી.તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. ત.ક.અમલદારશ્રી ને સાંભળ્યા, વિ.એ.પી.પી.શ્રી હાજર નથી.

૨. આ કામના આરોપીઓ વિરુધ્ધ જખૌ પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૫૦૧૭૨૬૦૦૦૭/૨૬ના બી.એન.એસ.ની કલમ ૩૦૫(એ),૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.સદર ગુના અંગેની તપાસ દરમ્યાન પોલીસ દ્વારા તપાસ કરાતા સદર આરોપીઓના નામ ખુલવા પામેલ છે. જેના આધારે હાલના આરોપીઓની અટક કરવામાં આવેલ છે.

૩. સદર જામીન અરજી સંબંધે આરોપીઓના વિ.વ.શ્રી તરફથી રજુઆત છે કે, હાલના આરોપીઓ ક્યારેય કોઈ ગુનામાં સંડોવાયેલા નથી. આરોપીઓ રીઢા ગુનેગાર નથી. તેમજ આ ગુનાનો કેસ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે. આરોપીઓ ખુબજ ગરીબ પરિવાર ના છે. જો ત્યાં સુધી તેમને જેલમાં રાખવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય નહી. આરોપીઓનો પરીવાર, ઘરબાર, રોજગાર રખડી જાય તેમ છે. તેઓ ગુજરાત રાજ્યના કાયમી વતની છે. તેઓ ક્યાય નાસીભાગી જાય તેવા નથી. આમ, ના કોર્ટની તમામ શરતોનું પાલન કરવા પાકી ખાતરી આપે છે. આથી આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

૪. આ જામીન અરજી બાબતે ત.ક.અ.શ્રીની રજુઆત છે કે, જો આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો તે હાલની તપાસને તથા સાહેદો,પંચોને યેનકેન પ્રકારે ફોડી તપાસને નુકશાન કરી શકે તેમ છે. આરોપીઓને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો સમાજ પર તેની ગંભીર અસર પડે તેમ છે. ગુનાની સજાની જોગવાઈ જોવામાં આવે તો ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે.

૫. સમક્ષ રહેલ પોલીસ પેપર્સ તથા એફ.આઇ.આર. વંચાણે લેતાં એવું જણાઇ આવે છે કે, આ કામના ફરીયાદીએ કુલ્લે રૂા. ૩૬,૦૦૦/– નો વાયર ચોરી થયા અંગેની ફરીયાદ નોંધાવતાં હાલના આરોપીઓની બી.એન.એસ.ની કલમ ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ હેઠળ અટક કરવામાં આવેલ છે.

આરોપીઓ પર મુકવામાં આવેલ તહોમત કોગ્નિઝેબલ તથા બીન જામીનપાત્ર છે તથા આ આરોપીઓને જે ગુના સદર્ભે અટક કરવામાં આવેલ છે તે અનુસંધાને સજાની જોગવાઈ જોવામાં આવે તો ૧૪ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો છે. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા અત્રે એ નોંધવુ ખુબજ આવશ્યક છે કે, હાલમાં કચ્છ જિલ્લામાં રાત્રે ઘરફોડ તેમજ ચોરી વિગેરે પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખુબ જ વધી ગયેલ છે. ત્યારે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ સમાજ વિરોધી કૃત્ય આચરેલાનું અત્રેની કોર્ટને માનવાને પ્રથમ દર્શનીય કારણ રહેલુ છે. આમ, જો હાલના તબક્કે આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને આવા પ્રકારની ગુનાહીત પ્રવ્રુત્તિઓમાં સંડોવાયેલ લોકો આ પ્રકારના ગુનાઓ કરવા પ્રેરાય અને તેમને છુટો દોર મળે, તેમજ ન્યાયનો હેતુ માર્યો જાય તેમ છે.

૬. આમ ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા, તેમજ કેસના સંજોગો, તેમજ કાયદામાં પ્રસ્થાપિત કરેલ જામીન અંગેના સિધ્ધાંતો,તેમજ આરોપીઓ ઉપર નોંધાયેલ ગુનાની ગંભીરતા, આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈઓ તેમજ તેની

પાસેથી કબજે લેવાયેલ મુદ્દામાલ વિગેરે હકીકતો લક્ષ્યમાં રાખતા, ત.ક.અ.શ્રીની દલીલો સાથે અત્રેની કોર્ટ સંમત થતી હોઈ ન્યાયના હિતમાં આરોપીઓની જામીન અરજી ગુણદોષ ઉપર રદ્દ કરતો નીચેનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ //**

આથી આરોપી (૧) ભાવેશ નવીન પારાધી,રહે. મુળ વાંકુ,તા.અબડાસા હાલ રહે. ગઢશીશી,તા.માંડવી–કચ્છ (૨) પુનશી મેઘરાજ મીંઢાણી(ગઢવી) ,રહે. ગામ ઝરપરા,તા.અબડાસા–કચ્છ નાઓની જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૨ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાંવાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
નલીયા–કચ્છ.

**(કે.આર.ગોહેલ)**
અધીક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ.
કોડ: જીજે૦૧૧૬૨